# શહેરનો પ્રથમ કોરોના પોઝિટીવ દર્દી મહિનાના અંતે પણ હોસ્પિટલના બિછાને

**રોગપ્રતિકારક શકિત ઓછી હોય ત્યારે વાયરસ ઝડપથી વોશ આઉટ થતો નથી : એન્ટીબોડી ઝડપથી બનતા ન હોવાથી શરીરમાં લાંબો સમય વાયરસ રહેતો હોવાનુ તબીબોનો મત : પ્લાઝમા થેરેપી અસરકારક**

ગાંધીનગર તા ૧૯

ગાંધીનગરમાં નોંધાયેલો પ્રથમ કોરોના વાયરસનો દર્દી હજુ પણ હોસ્પિટલના બિછાને છે. સે-૨૯ ના દર્દીને એક મહીનાના અંતે હજુ હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી નથી. દર્દીની રોગપ્રતિકારક શકિત ઓછી હોય ત્યારે વાયરસ શરીરમાંથી વોશ આઉટ થતો નથી. વાયરસનો લોડ વધુ હોય તેવા સંજોગોમાં એન્ટીબોડી બનતા ન હોવાથી પણ સંક્રમિત દર્દીનો રીપોર્ટ નેગેટીવ થતો નથી. શરીરમાં લાંબો સમય વાયરસ રહે છે. જયારે આ સ્થિતિમાં પ્લાસ્મા થેરેપી અસરકારક પુરવાર થઈ છે.

ગાંધીનગરમાં કોરોના વાયરસની એન્ટ્રી જે દર્દીના માધ્યમથી થઈ હતી તે હજુ પણ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. સે-૨૯ માં રહેતા ઉમંગને પ્રથમ કોરોના પોઝિટીવ આવ્યા બાદ પરિવારના સાત જેટલા સભ્યોને કોરોના પોઝીટીવ આવતા તમામને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જયારે દર્દીના દાદી તેમજ પત્ની સહિત ફુવાની સારવારના અંતે કોરોના રીપોર્ટ નેગેટીવ આવતા હોસ્પિટલમાંથી રજા આપી દેવામાં આવી છે. પરંતુ હજુ જિલ્લામાં નોંધાયેલ કોરોનાનો પ્રથમ કેસ હોસ્પિટલના બિછાને છે. અલબત્ત હુજ સુધી તેની સારવાર ચાલી રહી છે. હાલ ઉમંગ અમદાવામાં સારવાર લઈ રહ્યો છે. જયારે કોરોનાના કહેર વચ્ચે અનેક દર્દીઓ સાજા થતા રજા આપવામાં આવી રહી છે. બીજી તરફ જે દર્દીમાં એન્ટીબોડી ઝડપથી બનતા નથી તેને સાજા થતા વધુ સમય લાગે છે. આ કેસ પણ તેમાંનો જ છે.

તબીબી નિષ્ણાંતોના મતે આવા કિસ્સામાં રોગપ્રતિકારક શકિત ઓછી હોય અને શરીર વાયરસને વોશ ન કરી શકે ત્યારે આવુ બને છે.

● અનુસંધાન પાન-૭ પર

## ઉમંગના બે પરિવારજનો સ્વસ્થ થતાં હોસ્પિટલમાંથી રજા અપાઈ

ગાંધીનગર તા ૧૯

મોડીસાંજે ગાંધીનગર સીવીલ હોસ્પિટલમાં સારવાર લઈ રહેલ ઉમંગના જ બે પરિવાજનોને બીજી વખત નેગેટિવ રિપોર્ટ આવતા હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી. જેમાં તીર્થ પટેલ અને ચંદ્રિકાબેન પટેલનો સમાવેશ થાય છે.

હવે ઉમંગ પટેલના પરિવારમાં માત્ર ઉમંગ જ અમદાવાદ ખાતે સારવાર હેઠળ છે. અને જિલ્લાના ગ્રામીણ વિસ્તારના બે દર્દીઓ સારવાર હેઠળ છે. અર્થાત હવે ગાંધીનગરના માત્ર ૩ જ દર્દીઓ સારવાર હેઠળ છે. અને સાજા થનારની સંખ્યા ૧૨ પર પહોંચી છે. સ્વસ્થ બનનારાઓનું ૭૦ ટકા ઉપર પહોંચતા રાજ્યમાં મોખરાના સ્થાને ગાંધીનગર રહેશે.

# જિલ્લાના પ્રવેશદ્વારો પર આરોગ્ય ચકાસણી

**આજથી જિલ્લાના ૧૦ જેટલા પ્રવેશ પોઈંટ પર આરોગ્યની ટીમો ફરજ બજાવશે**

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર જિલ્લાના ૧૦ જેટલા પ્રવેશદ્વાર પર આજથી આરોગ્યતંત્રની ટીમો દ્વારા ટેમ્પરેચર ગનથી આવતા લોકોની તપાસ કરવામાં આવશે.

મળતી વિગતો પ્રમાણે આ ટીમો દ્વારા તપાસ દરમ્યાન જો કોઈને પણ ટેમ્પરેચર વધારે જણાશે તો તેમને નજીકની મેડીકલ ટીમને રિફર કરવામાં આવશે એટલુ જ નહિ તેમની ચહલ-પહલ પર પણ નજર રાખવામાં આવશે.

જે દસ પોઈંટ આ માટે નક્કી કરવામાં આવ્યા છે તેમાં છત્રાલ (તા. કલોલ), વિહાર, ખરણા અને વેડા (તા. માણસા) રખિયાલ, કડજોદરા અને દેવકરણના મુવાડા (તા. દહેગામ) તેમજ ચંદ્રાલા, વૈષ્ણવદેવી સર્કલ અને કોબા સર્કલ (તા. ગાંધીનગર)નો સમાવેશ થાય છે.

ગાંધીનગર જિલ્લાના તમામ પ્રા.આ. કેન્દ્રોમાં પણ પંચાયત દ્વારા લાયઝન અધિકારીઓની નિયુક્તી કરી તંત્રે સતર્કતા અને સાવધાની સાથે સંક્રમણને અટકાવવા માટેની રણનીતિ તૈયાર કરી છે જે નોંધનીય છે.



લોકડાઉનના દ્દશ્યો -કોરોનાના કહેર સામે કરાયેલા લોકડાઉનમાં શ્રમિક પરિવારો કેવી રીતે દિવસ પસાર કરે છે... તેને પ્રતિબિંબિત કરતી આ તસવીરો... એક તરફ ગરમીનો પ્રકોપ તો બીજી તરફ લોકડાઉનના પગલે કામ-ધંધાનો અભાવ... બંને પીડા એકસાથે ભોગવતા પરિવારો જે સ્થિતિ છે તેમાં પ્રસન્નતાપૂર્વક જીવે છે... અને સમાજને કંઈક શીખવે છે...

# નવા સેકટરોમાં પાણી ફોર્સથી આવતુ નથી : નાગરિકોની ફરિયાદ

**પાણીનો પુરતો સપ્લાય આપવામાં આવે છે : સપ્લાય વેળાએ ચકાસણી કરાશે : તંત્ર**

ગાંધીનગર તા ૧૯

શહેરમાં છેલ્લા એક મહીનાથી લોકડાઉન છે. જયારે સરકારી કચેરીઓ પણ બંધ છે. આવા સંજોગોમાં ઉનાળાની આકરી ગરમી વચ્ચે સેકટરોમાં પાણી ફોર્સથી ન આવતુ હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. શહેરના નવા સેકટરોમાં ફોર્સથી પાણી ન આવતુ હોવાનો રોષ પણ નાગરિકો ઠાલવી રહ્યા છે. જેને ધ્યાને લઈને નવા સેકટરોમાં પાણીની ફરિયાદો ડામવા માટે સપ્લાય વેળાએ તંત્ર દ્વારા અભ્યાસ કરવામાં આવશે.

શહેરમાં આકરી ગરમીના કહેર વચ્ચે નવા સેકટરોમાં પાણીની પોકાર ઉઠવા પામી છે. હાલ શહેરમાં ગરમીના દિવસોમાં બોર તેમજ નર્મદાનુ થઈને અંદાજિત પ્રતિદિન ૬૬ એમ એલ ડી પાણી સપ્લાય કરવામાં આવી રહ્યુ છે. જયારે ઉનાળાના દિવસોમાં પાણીનો વપરાશ વધી જાય છે. હાલ સરકારી કચેરીઓ બંધ છે. છતા પાણીના વપરાશમાં વધુ તફાવત જોવા મળતો ન હોવાનુ પણ સુત્રો જણાંવી રહ્યા છે. કોરોના વાયરસની મહામારીના લીધે લોકડાઉનની સ્થિતિ વચ્ચે છેલ્લા સવા મહીનાથી નાગરિકો ઘરમાં પુરાયેલા છે. જયારે વાયરસથી બચવા માટે સતત હાથ ધોવા અને

● અનુસંધાન પાન-૭ પર

# નાના-ચિલોડા અને ઝુંડાલમાંથી ૧૨ જણાને ફેસીલીટી ક્વોરોન્ટાઈનમાં મોકલાયા

**આ બન્ને દર્દીના રહેઠાણો આ ગામના સર્વે નંબરમાં આવતાં પુનઃ હદનો વિવાદ ઉછળ્યો**

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર તાલુકાના નાના ચિલોડા ગામે કોરોના પોઝીટીવનો કેસ મળતાં તેમજ ઝુંડાલના સર્વે નંબરમાં આવેલ સોસાયટીમાં રહેતા અને ઘાટલોડિયા અર્બન હેલ્થ સેન્ટરમાં ફાર્માસીસ્ટ તરીકે ફરજ બજાવતા કર્મચારીને પોઝીટીવ કોરાના જણાતાં જિલ્લા આરોગ્યતંત્ર આજે રજાના દિવસે પણ દોડતુ રહ્યુ હતુ.

આ બન્ને વિસ્તારમાંથી કુલ ૧૨ વ્યકતીઓને ફેસેલીટી ક્વોરોન્ટાઈન સેન્ટર પ્રેક્ષા ભારતી ખાતે મોકલી આપવામાં આવ્યા છે. કોબા પ્રેક્ષાભારતી ખાતેના ફેસેલેટી ક્વોરોન્ટાઈન સેન્ટરમાં હાલ ૨૮ જેટલા લોકો ક્વોરોન્ટાઈન હેઠળ છે.

આજે મળેલા આ કેસો બન્ને ઔડા વિસ્તાની હદમાં આવેલા છે. જો કે જિલ્લા અને તાલુકાની આરોગ્ય ટીમોએ તેમની કામગીરી હાથ ધરી દીધી છે તેમજ બન્ને વિસ્તારમાં સઘન હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ પણ હાથ ધરવામાં આવ્યુ છે. જિલ્લાતંત્રની ટીમે આ બન્ને વિસ્તારમાંથી હાલ ૧૨ જેટલી વ્યકતીઓ જે સઘન સંપર્ક ધરાવતી હતી તેમને ફેસેલીટી ક્વોરોન્ટાઈન સેન્ટરમાં મોકલી આપેલ છે.

ઝુંડાલ અને નાના ચિલોડાના બન્ને કેસો હદને લઈ હાલ અટવાયા છે અને બન્ને અમદાવાદમાં ગણાયા છે. ઝુંડાલનો કેસ તો ચાંદખેડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં સમાવિષ્ટ થાય છે. તો નાના ચિલોડાનો કેસ પણ ઔડા વિસ્તારમાં ગણાય છે જો આ બન્ને કેસો ગાંધીનગરના ગણવામાં આવશે તો કેસની સંખ્યા વધીને ૧૯ થશે. મળતી વિગતો પ્રમાણે નાના ચિલોડાનો જે દર્દી છે તે ચવાણાનો વેપારી છે અને આ વિસ્તારમાં તે ચવાણાનો સપ્લાય કરે છે. તંત્ર હવે તેના સંપર્કોની યાદી બનાવવાની મથામણમાં વ્યસ્ત બનેલ છે.

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લામાં તરબુચની ખેતીનો પ્રયોગ

**અત્યાર સુધીમાં ૨૩ હજાર હેક્ટર કરતાં વધુ વિસ્તારમાં વાવેતર સંપન્ન થયુ**

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર જિલ્લામાં તરબુચની ખેતીનો પ્રયોગ દહેગામ તાલુકામાં આ ઉનાળુ વાવેતર દરમ્યાન થવા પામ્યો છે. આ તાલુકામાં આમ તો અત્યાર સુધીમાં ૧૦ હેક્ટર વિસ્તારમાં તરબુચનું વાવેતર થયુ છે.

જિલ્લામાં ઉનાળુ વાવેતર અત્યાર સુધીમાં ૨૩,૭૭૭ હેક્ટર વિસ્તારમાં નોંધાયુ છે જેમાં ઘાસચારાનું વાવેતર ૧૩,૫૧૧ હેક્ટર નોંધાયુ છે. જિલ્લામાં અત્યાર સુધીમાં ૫૨૫૧ હેક્ટર વિસ્તારમાં બાજરી, ૩૩ હેક્ટરમાં મકાઈ, ૨૭૫ હેક્ટરમાં મગ તો ૩૧ હેક્ટરમાં ઉનાળુ મગફળીનું વાવેતર થવા પામ્યુ છે.

શાકભાજીના પાકોનું વાવેતર પણ ૪૬૬૦ હેક્ટર વિસ્તારમાં થયુ છે. જિલ્લામાં સામાન્યતઃ ૬૦ હજાર હેક્ટરમાં ઉનાળુ વાવેતર થતુ હોય છે. આ થયેલ વાવેતરના સાપેક્ષમાં ૪૦ ટકા જેટલુ થવા જાય છે.

હજુ એકાદ સપ્તાહમાં આ વાવેતર વધશે તેમ મનાઈ રહ્યુ છે. આગામી દિવસોમાં મગફળી સહિતના પાકોનું વાવેતર વધશે તેમ ખેડૂત અગ્રણીઓ સાથેની ટેલિફોનિક વાતચીતમાં સંકેતો મળ્યા છે.


કોરોના સામેના જંગમાં સતત લડતા ગાંધીનગર શહેર - જિલ્લાના




તમામ આરોગ્ય કર્મીઓને...
તમામ પોલીસ કર્મીઓને...
તમામ સફાઈ કર્મીઓને...
વંદન છે... અભિનંદન છે...

કેપિટલ ઓફસેટ
જીઆઈડીસી,
સેક્ટર-૨૮, ગાંધીનગર

શ્રી Prem Ni Mithaas
Sector-11
Sector-21
Sector-29
Raisan
Kudasan

જગદીશ સ્ટીલ
સેક્ટર-૨૧, ગાંધીનગર
- શાખા -
સેક્ટર-૩ડી
સેક્ટર-૨૬



યોગેશભાઈ નાઈ
સરપંચ - કોબા ગ્રામ પંચાયત

ઘરમાં રહીએ... સુરક્ષિત રહીએ...


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com